# ભારત સમક્ષ પડકારો

*રાજ્યસભાના વિપક્ષી નેતા શ્રી અરુણ જેટલીએ મુંબઈ યુનિવર્સિટીની કે.સી.કૉલેજ ખાતે કે.એમ.કુંદનાની મેમોરિયલ વ્યાખ્યાનમાળા અંતર્ગત આપેલા વક્તવ્યના અંશો અહીં પ્રસ્તુત છેઃ*

આપણે અત્યારે આશાવાદ અને નિરાશાવાદના યુગમાં જીવન જીવી રહ્યા છીએ. આપણી આસપાસ મનને ખિન્ન કરે એવો માહોલ જણાય ત્યારે જનતામાં નિરાશાનું વાતાવરણ ફેલાય છે. જો કે ભારતે આશાનું કિરણ દર્શાવતા નિરાશાવાદ વચ્ચે આશાવાદ પણ દેખાઈ રહ્યો છે.

આપણા દેશની 60 ટકા વસતિ આજીવિકા માટે કૃષિ પર નિર્ભર છે. કુલ રાષ્ટ્રીય ઉપજ(જીડીપી)માં કૃષિનો હિસ્સો ફક્ત 16 ટકા છે. બીજી બાજુ સર્વિસ ક્ષેત્રનો હિસ્સો 60 ટકા છે. સર્વિસ ક્ષેત્રના વિકાસ પાછળનું કારણ એ છે કે તે ક્ષેત્ર સરકારી નીતિઓ પર આધારિત નથી કે તેમાં માળખાકીય સવલતો નબળી નથી. કૃષિક્ષેત્રે ઓછી રોજગારીની સમસ્યા આપણી સમક્ષનો એક મહત્ત્વનો પડકાર છે. તેના લીધે મોટી સંખ્યામાં લોકો કૃષિક્ષેત્રમાંથી સર્વિસક્ષેત્રમાં સ્થળાંતરિત થઈ રહ્યા છે.

## રાજકારણની ગુણવત્તા

સંસદીય લોકશાહીમાં રાજકારણ દેશના જીવન પર અસર કરે છે. રાજકારણ નીતિ ઘડે છે. નીતિથી ભારતની ભાવિ દિશાનું ઘડતર થાય છે. જેથી રાજકારણમાં સુશાસન આપે એવા ગુણવત્તાસભર લોકો હોવા જરૂરી છે. કુશાસન છતાં ભારતનો જીડીપી નવ ટકા થાય તો સુશાસન હોય તો ભારતનું કેટલું જબરદસ્ત પરિવર્તન થાય એ સ્વાભાવિક છે.

છેલ્લા બે દાયકામાં ભારતના રાજકીય પક્ષોના માળખાનું પતન થયું છે. મોટાભાગના રાજકીય પક્ષો નેતાઓના પરિવારજનોની ભીડ ધરાવતા થઈ ગયા છે. અમુક પક્ષો નાતજાતનો આધાર ધરાવતા થઈ ગયા છે. અનેક

પક્ષોમાં ભાગ્યે જ આંતરિક લોકશાહી જોવા મળે છે. અનુગામીની પસંદગીમાં વંશજને જ સ્થાન મળે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં આપણે ગુણવત્તાને બદલે વારસાગત રાજકારણ ભણી વધારે ઢળી રહ્યા છીએ. તેના લીધે રાજકારણમાં ગુણવત્તામાં ઘટાડો થયો છે. ઓળખ આધારિત રાજકારણને અગ્રક્રમ મળી રહ્યો છે. નક્કર નીતિવાદને બદલે નાત-જાતનું રાજકારણ વધી રહ્યું છે. ભારતીય મધ્યમ વર્ગનો વિસ્તાર થઈ રહ્યો છે તેમ તેમ જનતાની અપેક્ષાઓ પણ વધી રહી છે. ફક્ત જનમત જ રાજકારણની દિશા બદલી શકે છે. નાત-જાત આધારિત રાજકારણને બદલે કાર્યક્ષમતા અને ઈમાનદારીને અગ્રક્રમ આપવામાં જ ભારતની લોકશાહીની અસલી તાકાત રહેલી છે. એવું થાય તો જ વહિવટની ગુણવત્તા સુધરશે.

## નીતિગત પક્ષઘાત અને ગરીબી નિર્મુલન

સુશાસન માટે મજબુત નેતાગીરી આવશ્યક છે. તેના માટેની નીતિ ઘડવા નિર્ણાયક નેતૃત્વ જોઈએ. ભારતનું આર્થિક મોડેલ બહોળી સર્વસંમતિ આધારિત બની રહ્યું છે. આગામી એક દાયકો કે તેનાથી વધારે સમય નવ ટકા વિકાસદર ટકાવી રાખવો પડશે. તો જ મૂડીરોકાણના લક્ષ્યાંક સાકાર થશે અને રોજગારીની તકોનું નિર્માણ થશે. વધારાની મહેસૂલનો ઉપયોગ માળખાકીય અને સામાજિક સુવિધાઓ વધારવામાં કરવો પડશે. એવું કરવાની સાથોસાથ ગરીબી નિર્મુલનની યોજનાઓમાં આવક વધે અને સામાજિક ઉત્કર્ષ તથા અસ્કયામતોનું નિર્માણ થાય એવી વ્યવસ્થા લાવવી પડશે. માથે મેલું ઉપાડવાની પ્રથા નાબુદી, પછાત વર્ગનો ઉત્કર્ષ ખાસ કરીને દલિત કલ્યાણ, આરોગ્ય, શિક્ષણ અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓ પ્રત્યે વધુ ભાર મુકવો પડશે. આપણી સમક્ષ આ બધા પડકારો છે.

નવ ટકા વિકાસ દર સુધી કેવી રીતે પહોંચાય ?

ભારતે નવ ટકા વિકાસ દર સુધી પહોંચવા નિર્ણાયક નીતિ ઘડવી પડશે. આપણે માળખાકીય સુવિધાઓમાં ઝડપથી સુધારણા કરવી પડશે. બદનસીબે આપણા ટેલિકોમ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જેવા ક્ષેત્ર ભ્રષ્ટાચારથી ખરડાયેલા છે. જંગી મૂડીરોકાણ મેળવવા પર્યાવરણના રક્ષણના નામે લાઈસન્સરાજ યોગ્ય નથી. અર્થતંત્ર અને પર્યાવરણનો એકસાથે વિકાસ થવો જોઈએ. ઉત્પાદનક્ષેત્રમાં સુધારણાને વેગ આપવો જોઈએ. ગ્રાહકો સસ્તા દરની ચીજવસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખે એવા યુગમાં આપણે જીવીએ છીએ. જેથી ઓછા ખર્ચે ઉત્પાદન એ સફળતાની ચાવી છે. વ્યાજના હળવા દર, માળખાકીય સુધારણા, ઊર્જાક્ષેત્રે સુધારાનો અસરકારક અમલ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક દરે વપરાશની બાબતો ઉપલબ્ધ બનાવવાની તાતી જરૂર છે.

આપણે દોરીમાર્ગો, બંદરગાહો, એરપોર્ટ, ગ્રામીણ માર્ગોના વિકાસ પર ભાર મૂકવો પડશે. ભારત પર્યટનક્ષેત્રની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં નિષ્ફળ નીવડ્યું છે. તેમાં ફેરફારો કરવાની જરૂર છે. શૈક્ષણિક માળખું, માહિતી ટેક્નોલોજી, ટેલિકોમ, ફાર્મસી ક્ષેત્ર, ઓટોમોબાઈલ ક્ષેત્ર, ધોરીમાર્ગો વગેરે નું વિસ્તરણ તેમજ શહેરી ગૃહનિર્માણક્ષેત્રે તાજેતરના વર્ષોમાં જે પ્રગતિ થઈ છે, તેને વેગવાન બનાવવા નવી નીતિઓ અને નવા કાયદા લાવવા પડશે.

## ગઠબંધનની સરકારો

મહાન નેતાઓ અને સંપૂર્ણ બહુમતીનો જમાનો હવે રહ્યો નથી. ભારતનો રાજકીય એજન્ડા જ બદલાઈ ગયો છે. આઝાદી પછીના વર્ષોમાં દેશની એકતા અને અખંડિતતા બાબતે ચિંતા સેવાતી હતી. તેમાં ઘટાડો થઈને હવે આર્થિક વિકાસ, ગરીબી નિર્મુલન અને પ્રાદેશિક અપેક્ષા ચિંતાના કારણો બન્યા છે. કેન્દ્રમાં પણ પ્રાદેશિક પક્ષોના સહભાગથી સરકાર ચાલે છે. લોકસભામાં

ગઠબંધનનો યુગ આવ્યો છે. આવા સંજોગોમાં પ્રાદેશિક પક્ષો રાષ્ટ્રીય વિચારસરણી અપનાવતા થશે તો જ સુશાસન આવશે.

## ભ્રષ્ટાચાર

ભ્રષ્ટાચારનો ભોરીંગ વહિવટીતંત્રને ઉધઈની જેમ કોરી રહ્યો છે. ટેલિકોમ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોમાં તેનાથી માઠી અસર પડી છે. કોલસાના બ્લોક વિતરણમાં થયેલા ભ્રષ્ટાચારને કારણે ઊર્જાક્ષેત્રે કટોકટીભરી પરિસ્થિતિ સર્જાઈ હતી. જમીનના સોદાઓ, રિયલ એસ્ટેટના સોદાઓ, કુદરતી સંસાધનોની ફાળવણી, ખાણ, શરાબ, ખાનગી ક્ષેત્રનું શિક્ષણ વગેરેમાં ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે.

આઝાદી પછીના 65 વર્ષ બાદ પણ રાજકીય ભંડોળ પૂરતા પ્રમાણમાં દેખાતું નથી. લોકપાલ અંગે તાજેતરમાં થયેલી ચર્ચા અને ભ્રષ્ટાચાર-વિરોધી કડક કાયદા લાવવાનું આવશ્યક બની ગયું છે. સીબીઆઈના કામકાજને નિષ્પક્ષ અને દખલરહિત બનાવવાની જરૂર છે. લોકપાલમાં ધર્મ આધારિત આરક્ષણ ન હોવું જોઈએ.

## બહેતર સમાજનું નિર્માણ

ધર્મ અને નાત-જાતના ભેદભાવના આધારે ઊભી થઈ રહેલી તંગદિલીને દૂર કરવાની આવશ્યકતા છે. વિવિધ સમાજ વચ્ચે સદભાવ સ્થાપિત થાય અને બહેતર સમાજનું નિર્માણ થાય તે દિશામાં પગલાં લેવાની જરૂર છે. તાજેતરમાં રાષ્ટ્રીય પાટનગરમાં થયેલા સામુહિક બળાત્કારે હાહાકાર મચાવ્યો હતો. મહિલાઓ આવા શોષણનો ભોગ બની રહી છે. નારી સંસ્કારિતાની દૃષ્ટિએ ભારત નિષ્ફળ રહ્યું છે.

અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો હજી પછાત છે. તેઓને સમાન અધિકારો આપવા પડશે. આરક્ષણથી તેઓની ગરીબી અને અન્યાય દૂર કરવો પડશે. અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય બાબતે અસહિષ્ણુતા વધી રહી છે.

## આતંકવાદ અને ઘુસણખોરી

ભારત સરહદ પારથી થતા આતંકવાદ અને ઘુસણખોરીનો ભોગ બનતું રહ્યું છે. દેશના વિભાજન બાદ કાશ્મીર પાકિસ્તાનનો કદી ખતમ ન થાય એવો એજન્ડા બની ગયો છે. છેલ્લા બે દાયકાથી આતંકવાદના નામે પરંપરાગત યુદ્ધ અને ઘુસણખોરી વધી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા દેશમાંના તત્ત્વો તેઓનો હાથો બની રહ્યા છે.

પાકિસ્તાનને હવે લાગી રહ્યું છે કે ભૌગોલિક સરહદ ફરી બદલી શકાશે નહિ. જેથી પાકિસ્તાનમાં રહેતા શખસો દ્વારા ભારતીય સંસદ પર હુમલા કરાવાય છે, મુંબઈમાં આતંકવાદી હુમલો કરાવવામાં આવ્યો. અત્યારે પાકિસ્તાની સૈન્ય, આઈએસઆઈ, સરકાર અને આતંકવાદી જૂથો એક જ લક્ષ્ય પર કાર્યરત છે. પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ કરે તો જ તેની સાથે ગંભીર સંબંધો બાંધવાનો વિચાર કરવો જોઈએ.

## ભારતની ક્ષમતા

ભારતીય સંસ્કૃતિ, આપણો ઐતિહાસિક વારસો, આપણી જનતા, વિદેશમાં વસતા ભારતીયો, ખેલકૂદ, સંગીત, સિનેમા, સાહિત્ય વગેરે ક્ષેત્રે ક્ષમતા બેજોડ છે. મને એ બાબતમાં કોઈ શંકા નથી કે નિરાશાવાદ વચ્ચે પણ આપણો દેશ પ્રગતિના પંથે આગેકૂચ કરશે અને આશાનું કિરણ દેખાશે જ.